રાજસ્થાનમાં ચાર વર્ષની બાળકીના રેપ-મર્ડરના નરાધમને ફાંસીની સજા

જયપુર, તા. ૧૦

રાજસ્થાનના જયપુરમાં નારેના વિસ્તારમાં એક ચાર વર્ષની બાળકી ઉપર રેપ કર્યા બાદ તેની હત્યા કરી નાખનારા નરાધમને કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. સ્પેશિયલ પોક્સો કોર્ટમાં સુનાવણી થઈ હતી અને છ જ મહિનામાં સજા કરવામાં આવી હતી. ૨૫ વર્ષના ગુનેગાર સુરેશકુમારને કોર્ટે ૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ગત ૧૧મી ઓગસ્ટે ૨૫ વર્ષના સુરેશ કુમારે ચાર વર્ષની બાળકીનું અપહરણ કર્યું હતું અને ત્યારબાદ રેપ કર્યા પછી આખરે એ બાળકીની હત્યા કરી નાખી હતી. પોલીસે એ ઘટનાના બીજા જ દિવસે આરોપીની ધરપકડ કરી લીધી હતી.

ફિલ્મ અભિનેતા આદિત્ય પંચોલી સામે પોલીસમાં ફરિયાદ

મુંબઈ,તા.૧૦

બોલીવૂડના ફિલ્મ નિર્માતા સેમ ફર્નાન્ડિસે અભિનેતા આદિત્ય પંચોલી સામે મુંબઈના જુહુ પોલીસ સ્ટેશનમાં હોટલમાં ઈપશબ્દો કહેવા, ધમકી આપવી અને મારપીટ કરવા પ્રકરણે પોલીસ ફરિયાદ કરી છે આ પ્રકરણે આદિત્ય પંચોલીએ પણ ક્રોસ કમ્પ્લેન્ટ કરી હોવાનું જાણવા મળ્યું છે.મીડિયાના અહેવાલો અનુસાર સેમએ એવો આરોપ કર્યો છે કે જ્યારે તે આદિત્યને મળવા એક હોટલમાં ગયો ત્યારે સેમને ધમકાવ્યો અને પુત્ર સૂરજ પંચોલીને તેની એક આવનારી બાયોપિકમાં કામ આપવા દબાણ કર્યું હતું.ફર્નાન્ડિસે ૨૦૧૯માં સૂરજ સાથે મુખ્ય ભૂમિકામાં એક બાયોપિકની ઘોષણા કરી હતી. જો કે ફાઈનાન્સરો સૂરજ મુખ્ય ભૂમિકામાં હોય તેવી ફિલ્મને સપોર્ટ કરવા માગતા નહોતા. આ બાબતે ફર્નાન્ડિસે સૂરજ સાથે વાત પણ કરી હતી. જોકે ત્યારબાદ ૨૭ જાન્યુઆરીના આદિત્ય પંચોલી ફર્નાન્ડિસને એક હોટલમાં મળ્યા હતા અને સૂરજને ફિલ્મમાં લેવો જ પડશે તેવો આગ્રહ રાખી અપશબ્દો કહી મારપીટ કરી હોવાનો આરોપ કરી જુહુ પોલીસ સ્ટેશનમાં એનસી દાખલ કરી હતી.

સાઉદીના અબામાં હૂથી આતંકીઓનો ડ્રોન હુમલો : ૧૨ને ઈજા

સાઉદી અરબના અબા ઈન્ટરનેશનલ એરપોર્ટમાં હૂથી આતંકવાદીઓએ ડ્રોન હુમલો કર્યો હતો. એમાં વિદેશી નાગરિક સહિત ૧૨ને ઈજા થઈ હતી. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે યમનની સરહદે આવેલા અબા પ્રાંતના એરપોર્ટ ઉપર ડ્રોન ઘૂસી આવ્યું હતું. એ ડ્રોનને તોડી પડાયું હતું, પરંતુ એમાં ૧૨ લોકોને નાની-મોટી ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં એક ભારતીય નાગરિકનો પણ સમાવેશ થતો હતો. ભારત ઉપરાંત પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ફિલિપાઈન્સના નાગરિકો આ ડ્રોન હુમલામાં ઘવાયા હતા.

સ્કૂલોમાં

(પહેલા પાનાનું ચાલુ)

રિપોર્ટિંગ ન થાય.

અરજદારો તરફથી વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ કહ્યું કે કર્ણાટક શિક્ષણ કાયદામાં યુનિફોર્મ સંબંધિ કોઈ વિશેષ જોગવાઈ નથી. તેમણે જૂના દિવસોને યાદ કરતા કહ્યું કે પહેલાના સમયમાં પણ યુનિફોર્મની જોગવાઈ નહોતી. સરકાર તરફથી એટર્ની જનરલે કહ્યું સ્કૂલ અથવા કોલેજમાં ડ્રેસ કોડનું પાલન થવું જોઈએ. વિદ્યાર્થિનીઓને સ્કાર્ફ અથવા હિજાબ અથવા ભગવા ખેસ સાથે સ્કૂલમાં પ્રવેશ આપી શકાય નહીં. આ સારી સ્થિતિ નહીં હોય. વિદ્યાર્થીઓએ યુનિફોર્મ કોડ સાથે જ સ્કૂલોમાં આવવું જોઈએ.

કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ રિતુ રાજ અવસ્થીએ જણાવ્યું કે, અમે સ્વીકારીએ છીએ કે એજ્યુકેશન એક્ટમાં સ્કૂલ યુનિફોર્મ અંગે સ્પષ્ટપણે કશું જ કહેવાયું નથી. જોકે, અમે એ બાબત પર વિચાર કરી રહ્યા છીએ કે હિજાબ પહેરવો મૂળ અધિકારના દાયરામાં આવે છે કે નહીં. આ સિવાય એ બાબત પર પણ વિચાર કરી રહ્યા છીએ કે શું હિજાબ પહેરવો ધર્મના પાલન માટે જરૂરી ભાગ છે કે નહીં. જોકે, કર્ણાટક સરકારમાં મંત્રી બી.સી. નાગેશે કહ્યું કે સ્કૂલો ખૂલવી જોઈએ.

એવું થશે તો મને ખૂબ જ આનંદ થશે. હાઈકોર્ટ દ્વારા વચગાળાનો કોઈ આદેશ અપાયો ન હોય તો કાયદાની અધિસૂચના મુજબ પ્રત્યેક સંસ્થાને પોતાનો ડ્રેસ નિશ્ચિત કરવાનો અધિકાર છે. તેના આધારે સ્કૂલો ખોલવી જોઈએ.

કર્ણાટકના હિજાબ વિવાદ મુદ્દે સુપ્રીમમાં વધુ એક અરજી

નવી દિલ્હી, તા.૧૦

કર્ણાટકમાં શરૂ થયેલો હિજાબ વિવાદ દેશભરમાં ફેલાઈ રહ્યો છે ત્યારે ગુરુવારે ધાર્મિક પ્રવૃત્તિના અધિકારનો મુદ્દો ઉઠાવતા સુપ્રીમ કોર્ટમાં વધુ એક અરજી દાખલ કરાઈ હતી અને તેમાં જણાવાયું હતું કે ધાર્મિક પ્રવૃત્તિઓને બંધારણમાં મૂળભૂત અધકાર ગણાવાયો છે. યુવા કૉંગ્રેસ પ્રમુખ બી.વી. શ્રિનિવાસ અને પત્રકારત્વના એક વિદ્યાર્થીએ સુપ્રીમમાં અરજી કરતાં જણાવ્યું છે કે કર્ણાટકમાં વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરતી અટકાવવી એ મૂળભૂત અધિકારોનો સીધો ભંગ છે. વધુમાં આ વિવાદ અનેક રાજ્યોમાં ફેલાયો છે. એ જ રીતે અલગ અલગ રાજ્યોમાં વિવિધ હાઈકોર્ટ્સ વિરોધાભાસી આદેશો આપે તેવી સંભાવના છે. આથી સુપ્રીમ કોર્ટ આ મુદ્દાને હાથ પર લે તે વધુ સારું છે.

ક્રિપ્ટો દેશની

(પહેલા પાનાનું ચાલુ)

એક બબલ હોવાના સંકેત આપ્યા છે.

નાણાંકીય સ્થિરતાને હાથ ધરવામાં રિઝર્વ બેન્કની ક્ષમતાને પ્રાઈવેટ ક્રિપ્ટો હાનિ પહોંચાડશે. ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરતા રોકાણકારોને ચેતવણી આપતા તેમણે કહ્યું હતું કે, તેઓ આ રોકાણ તેમના જોખમે કરે. આવી એસેટસનું કોઈ પાયાભૂત મૂલ્ય નથી હોતું તેનું રોકાણકારે ધ્યાન રાખવાનું રહેશે.

નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટની રજુઆત કરતી વેળા નાણાં પ્રધાન નિર્મલા સીતારામને વર્ચ્યુલ એસેટસ પરના લાભ પર ૩૦ ટકા ક્રિપ્ટો ટેક્સ લાગુ કરવાની જાહેરાત કરી હતી. ટેક્સ વસૂલવાની સરકારની જાહેરાત બાદ રિઝર્વ બેન્કના ગવર્નરનું ક્રિપ્ટો સંબંધમાં આ પ્રથમ નિવેદન આવી પડયું છે જે સરકાર માટે એક સંદેશ ગણી શકાય.

ક્રિપ્ટોકરન્સીઝમાં રોકાણકારોની સંખ્યાને લઈને પણ ખોટું ચિત્ર ઊભું કરવામાં આવી રહ્યું છે. રિટેલ રોકાણકારોનો ક્રિપ્ટોકરન્સીઝ તરફ વધી રહેલા આકર્ષણને ધ્યાનમાં રાખી ગવર્નરનું આ નિવેદન આવી પડયું છે. ટોચની ૧૦૦ જેટલી ક્રિપ્ટોકરન્સીઝની માર્કેટકેપ હાલમાં ૨.૮૦ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ છે.

સીબીડીટીએ સ્પષ્ટતા કરી હતી કે ક્રિપ્ટો પર ટેક્સથી તેનું ખરીદ વેચાણ કાયદેસર બની જતું નથી અને નાણા સચિવે જણાવ્યું હતું કે ક્રિપ્ટોને લિગલ ટેન્ડર તરી કે માન્ય નથી

રૂપિયો પર્સમાં રહે છે જ્યારે ડિજિટલ રુપી મોબાઈલમાં રહેશે

મુંબઈ, તા. ૧૦

ડિજિટલ રુપી સામાન્ય ફિઝિકલ રૂપિયા જેવુ જ હશે માત્ર તેનું સ્વરૂપ ડિજિટલ પ્રકારનું હશે એમ રિઝર્વ બેન્કના ડેપ્યુટી ગવર્નર ટી. રવી શંકરે જણાવ્યું હતું. એકની સામે એક પ્રમાણે તેનો ઉપયોગ કરી શકાશે એમ ડિજિટલ રૂપિયાની રૂપરેખા સમજાવતા તેમણે જણાવ્યું હતું.

જેમ સામાન્ય રૂપિયો પર્સ અથવા પોકેટમાં રાખી શકાય છે તેમ ડિજિટલ રૂપિયો વપરાશકાર તેના સેલ ફોન ડિવાઈસમાં રાખી શકશે એમ તેમણે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

ખાનગી ક્રિપ્ટોકરન્સીઝ તથા ડિજિટલ રૂપિયા વચ્ચે તફાવત એટલો જ હશે કે ડિજિટલ રૂપિયો રિઝર્વ બેન્ક દ્વારા જારી કરાશે. ભારતમાં સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (સીબીડીસી) કયારે લોન્ચ કરાશે તેનું કોઈ સમયપત્રક હાલમાં આપી શકાય એમ નથી પરંતુ આગામી નાણાં વર્ષમાં તે ચોક્કસ બહાર પડાશે એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

રાજ્યોમાં છે.

મતદાનના પહેલા તબક્કા પહેલાં યોગીએ મોદી સાથેની પોતાની તસવીર મૂકીને કવિતા લખી હતી. યોગીએ લખેલું કે, પીડિસ, શોષિત, દુઃખિત બાંધવો કે હમકો હૈં કષ્ટ મિટાને, ડટે હુએ હૈં રાષ્ટ્રધર્મ પર સીના તાને....

યોગીની કવિતાના જવાબમાં લોકોએ કટાક્ષ કરતાં લખ્યું કે, કોઈ કોઈ વાર સંસદ ટીવી પણ જોવાનું રાખો. તમારી જ સરકારના મંત્રીએ યુપીમાં બેકારીના કારણે આપઘાત કરનારાંના આંકડા આપ્યા છે તેના વિશે પણ કંઈક કહો. લોકોએ નિત્યાનંદ સંસદમાં જવાબ આપતા હોય તેનો વીડિયો મૂકીને સવાલ કર્યો છે કે, આ મંત્રી સપાના નથી ને?

દાસના વલણથી ભાજપના નેતા નારાજ

રીઝર્વ બેંકના ગવર્નર શક્તિકાન્ત દાસનાં મોંઘવારી અને ક્રિપ્ટો કરન્સી મુદ્દે કરાયેલાં નિવેદનોથી ભાજપ નેતાઓનાં ભવાં ખેંચાયાં છે. દાસે બજેટમાં દર્શાવાયેલા અંદાજથી આર્થિક વિકાસ દર ઓછો રહેશે એવી આગાહી કરી તેથી પણ ભાજપના નેતા નારાજ છે. બજેટમાં નિર્મલા સીતારામને આર્થિક વિકાસ દર ૯.૨ ટકા રહેશે એવી આગાહી કરી છે. તેની સામે રીઝર્વ બેંકે વિકાસ દર ૭.૮ ટકા રહેશે એવો અંદાજ મૂક્યો છે. તેના કારણે સરકાર અને રીઝર્વ બેંક વચ્ચે તાલમેલ નથી એવી છાપ પડી રહી હોવાનું ભાજપના નેતાઓનું માનવું છે.

દાસે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં વધારાનો સંકેત આપીને મોંઘવારી વધશે એવું કહ્યું. સાથે સાથે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવા સામે પણ ચેતવણી આપી. કેન્દ્ર સરકારે ક્રિપ્ટો કરન્સીમાંથી થતી આવક પર ટેક્સ લગાવ્યો છે પણ રીઝર્વ બેંકની ચેતવણીને કારણે લોકો ક્રિપ્ટોમાં રોકાણમાં ઉત્સાહ નહીં બતાવે.

ભાજપના નેતાઓને લાગે છે કે, દાસને ૩ વર્ષનું એક્સટેન્શન મળી ગયું છે તેથી તેમને ચિંતા નથી. દાસ હવે પોતાની ઈમેજ મજબૂત કરવા મથી રહ્યા છે.

પરિવારનું પત્તુ કપાતાં શુભેન્દુ અધિકારી ભડક્યા

પશ્ચિમ બંગાળમાં ભાજપે સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે જાહેર કરેલા ઉમેદવારોમાં કાંઠીમાંથી અધિકારી પરિવારમાંથી કોઈને ટિકિટ ના આપતાં શુભેન્દુ અધિકારી ભડક્યા છે. શુભેન્દુએ અમિત શાહ સમક્ષ બળાપો કાઢીને ભાજપ છોડવાની ચીમકી આપી હોવાના અહેવાલ છે.

કાંઠી અધિકારી પરિવારનો ગઢ છે. છેલ્લા ૪૫ વર્ષથી કાંઠી મ્યુનિસિપાલિટીમાં અધિકારી પરિવારની વ્યકિત જ ચેરમેનપદે આવે છે. શુભેન્દુના પિતા શિશિર ૧૯૬૪માં પહેલી વાર ચેરમેન બન્યા હતા. એ પછીની ચૂંટણીમાં એ હારી ગયેલા પણ ૧૯૭૭માં ફરી ચેરમેન બન્યા પછી સતત અધિકારી પરિવારની વ્યક્તિ જ ચેરમેનપદે આવી છે. શિશિર પછી તેમના ત્રણ પુત્રો શુભેન્દુ, દિવ્યેન્દુ અને સોમેન્દુ ચેરમેન બન્યા છે. અત્યારે સોમેન્દુ ચેરમેનપદે છે પણ ભાજપે તેમને પણ ટિકિટ નથી આપી.

ભાજપનાં સૂત્રોના મતે, શુભેન્દુને મળી રહેલા વધારે પડતા મહત્વના કારણે મૂળ ભાજપના નેતાઓમાં ભારે અસંતોષ છે. આ અસંતોષને ખાળવા અધિકારી પરિવારને કટ ટુ સાઈઝ કરી દેવાયો છે પણ અધિકારી પરિવાર માટે કાંઠી મ્યુનિસિપાલિટી પ્રતિષ્ઠાનો પ્રશ્ન હોવાથી કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી.

સાંસદો કેન્ટિનના પૌષ્ટિક આહારના મેનુથી નાખુશ

સાંસદોને પૌષ્ટિક આહાર આપવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સંસદની કેન્ટિનના મેનુમાં ધરખમ ફેરફાર કરી દીધા છે પણ આ મેનુથી સાંસદો જ ખુશ નથી. ભાજપના સાંસદો જ આ નવા મેનુ અંગે સૌથી વધારે ફરિયાદો કરી રહ્યા છે. નવા મેનુમાં તમામ પ્રકારના તળેલા ખોરાકને દૂર કરી દેવાયો છે.

પહેલાં સમોસા, બ્રેડ પકોડા સહિતની તળેલી ચીજો મળતી હતી. તેના બદલે હવે વટાણાના સ્ટફિંગ સાથેના દાળ ચીલા, કઢી, બાજરીના રોટલા, બાજરીનો પુલાવ જેવી ચીજો આવી ગઈ છે. આયુષ મંત્રાલયે વેજીટેબલ પૌંઆ, ગાજરનો હલવો, ભાજણી વડા, કોકમ જ્યુસ વગેરે પૌષ્ટિક ચીજો પિરસવા માંડી છે. સાંસદોને દાળ ચીલા દસ રૂપિયામાં, બ્રેકફાસ્ટ ૨૫ રૂપિયા અને લંચ ૪૦ રૂપિયામાં અપાય છે. આ ભાવ બરાબર હોવાનો તેમનો મત છે પણ મોટા ભાગના સાંસદો પોતાને આદત નથી એવો ખોરાક ખાવાની ફરજ પડાઈ રહી હોવાની ફરિયાદ કરી રહ્યા છે. આરોગ્ય મંત્રાલયે તેમને સાંત્વન આપ્યું છે કે, આ પાયલોટ પ્રોજેક્ટ છે તેથી બહુમતી સાંસદોને નહીં ગમે તો મેનુ બદલી દેવાશે.

આશિષ મિશ્રાને જામીન, ભાજપને ફાયદો થશે

ઉત્તર પ્રદેશમાં પહેલા તબક્કાના મતદાનના દિવસે જ કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષને હત્યાના કેસમાં જામીન મળી ગયા એ મુદ્દો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આશિષ નહીં પણ હરિઓમ મિશ્રા નામનો ડ્રાઈવર કાર ચલાવી રહ્યો હતો એવી દલીલ મિશ્રાના વકીલે કરી હતી. મિશ્રા સામે પોલીસે દાખલ કરેલા ચાર્જશીટમાં સુપ્રીમ કોર્ટે નિમેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમના અધિકારીઓની સહી નથી તેથી આ ચાર્જશીટની કાયદેસરતા સામે પણ સવાલ ઉઠાવાયા છે.

અલાહાબાદ હાઈકોર્ટે મેરિટના આધારે જામીન મંજૂર કર્યા છે પણ તેના કારણે ભાજપને ફાયદો થશે એવું રાજકીય વિશ્લેષકો માને છે. આશિષ સામે લખીમપુર ખીરીમાં ખેડૂતોને કચડીને મારી નાંખવાનો આરોપ છે. તેની સૌથી વધારે અસર પશ્ચિમ યુપીમાં પડી હતી. પશ્ચિમ યુપીના ખેડૂતોને ખુશ કરવા જ આશિષની ધરપકડ કરાઈ હતી. અજય મિશ્રાના રાજીનામાની માંગ પણ આ વિસ્તારમાં જ છે. ગુરૂવારે પશ્ચિમ યુપીના જાટલેન્ડમાં મતદાન પતતાં હવે આશિષને જામીન મળ્યા તેની વ્યાપક અસર નહીં પડે. સામે બ્રાહ્મણ મતદારો ખુશ થશે તેનો ફાયદો ભાજપને મળશે.

સેક્સ સીડી ફેઈમ ભાજપ નેતાનો આપઘાતનો પ્રયાસ

મધ્ય પ્રદેશમાં ભાજપના દિગ્ગજ નેતા શિવશંકર પટેરીયાએ આપઘાતનો પ્રયાસ કરતાં ખળભળાટ મચ્યો છે. વન વિકાસ નિગમના ભૂતપૂર્વ ચેરમેન પટેરીયાને શિવરાજસિંહ સરકારે રાજ્ય કક્ષાના મંત્રીનો દરજ્જો આપ્યો હતો.

પટેરીયાએ સુસાઈડ નોટમાં શિવરાજસિંહ સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. સરકારે પોતાને ખોટી રીતે હત્યાની કોશિશના ગુનામાં ફસાવીને સજા કરાવવાનો કારસો કર્યો હોવાનો આક્ષેપ કરીને લખ્યું છે કે, હવે સરકાર સામે લડવાની મારામાં તાકાત નથી.

પટેરીયાએ ૨૦૧૩માં ભાજપ સરકારમાં નાણાં મંત્રી રાઘવજીભાઈની સેક્સ સીડી બહાર પાડીને ખળભળાટ મચાવી દીધો હતો. સીડીમાં રાઘવજી એક છોકરા સાથે આપત્તિજનક સ્થિતિમાં દેખાતા હતા. સેક્સ સીડી કાંડને કારણે ભાજપની આબરૂનો ભારે ધજાગરો થયો હતો. ભાજપે આબરૂ બચાવવા માટે પહેલાં પટેરીયાને સસ્પેન્ડ કર્યા હતા અને પછી રાઘવજીને પણ સસ્પેન્ડ કરી દીધા હતા.

પટેરીયા ઉમા ભારતીના વફાદાર હોવાથી ઉમા મોદી સરકારમાં કેન્દ્રીય મંત્રી બન્યાં ત્યારે પટેરીયાને ભાજપમાં લઈ લેવાયા હતા અને મહત્વનો હોદ્દો અપાયો હતો. હવે ઉમા સક્રિય નથી તેથી પટેરીયાને નિશાન બનાવાયા હોવાનો સૂત્રોનો દાવો છે.

***

યુપીની ચૂંટણી ભાજપ માટે સેમિફાઈનલ

ઉત્તર પ્રદેશમાં ૫૮ બેઠકોનું મતદાન થયું. આ બેઠકો ઉપર જાટ અને ખેડૂત મતદારો નિર્ણાટક ભૂમિકા ભજવશે. ખેડૂતો નવા કૃષિ કાયદાનો વિરોધ કરતા હતા એટલે કેન્દ્ર સરકારે એ કાયદો પાછો ખેંચ્યો હતો. તેની હકારાત્મક અસર થશે કે નહીં તેના પર ભાજપની ખાસ નજર છે. નિષ્ણાતોના મતે ઉત્તર પ્રદેશ-પંજાબ સહિતના પાંચ રાજ્યોની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ એ નિર્ણય લેવાયો હતો. અમેરિકન થિંક ટેન્ક કાર્નેગી ઈન્ડોવમેન્ટ ફોર ઈન્ટરનેશનલ પીસના ડિરેક્ટર મિલન વૈષ્ણવે એવું તારણ આપ્યું હતું કે આ ચૂંટણી ખરા અર્થમાં ભાજપ માટે લોકસભાની ચૂંટણી પહેલાં સેમિ ફાઈનલ બની રહેશે. ઉત્તર પ્રદેશની ચૂંટણી માત્ર ભાજપ જ નહીં, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીનું પણ ભવિષ્ય નક્કી કરશે. પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ અને યોગી આદિત્યનાથ - એમ ત્રણેય મહત્વના નેતાઓ માટે આ જંગ ખરાખરીનો છે.

પશ્ચિમી યુપીમાં ભાજપને ફટકો પડશે

૨૦૧૭ની સરખામણીએ આ ચૂંટણીમાં ભાજપને નુકસાન થશે એવા પણ સંકેતો મળે છે. ૨૦૧૭માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા આસમાને હતી. એ વખતે અખિલેશની સરકાર સામે શાસન વિરોધી લહેર પણ હતી. ન્યૂ ઈન્ડિયાનો નારો યુપીમાં લોકસભામાં ચાલ્યો હતો એમ વિધાનસભામાં પણ ચાલ્યો હતો, પરંતુ આ વખતે યુપીના મતદારો પાસે યોગીની સરકારનું સરવૈયુ છે. ૨૦૧૩માં મુઝફ્ફરપુરના રમખાણોના કારણે એ વખતે હિન્દુ મતદારો એકત્ર થયા હતા, તેની સામે આ વખતે જ્ઞાતિના સમીકરણો બેસાડવામાં પણ વિપક્ષને ઠીક-ઠીક સફળતા મળતી જણાય છે.

નેતાઓના સરકારી મકાનોનું લાખોનું ભાડું બાકી

ઘણાં નેતાઓના સરકારી મકાનોનું લાખો રૂપિયાનું ભાડું બાકી છે. એક આરટીઆઈ એક્ટિવિસ્ટ સુજિત પટેલની આરટીઆઈનો જવાબ મળ્યો હતો. એમાં દાવો થયો હતો એ પ્રમાણે કોંગ્રેસના નેતા સહિતના ઘણાં નેતાઓએ તેમના સરકારી મકાનોનું ભાડું ચૂકવ્યું નથી. એમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસના હેડક્વાર્ટરનું ભાડું ૧૨,૬૯,૯૦૨ બાકી છે. છેલ્લે ૨૦૧૨માં આ મકાનનું ભાડું ચૂકવાયું હતું. એ જ રીતે સોનિયા ગાંધીના નિવાસસ્થાનનું ભાડું ૪૬૦૦ રૂપિયા બાકી છે. તેનું છેલ્લું ભાડું ૨૦૨૦માં ચૂકવાયું હતું. તે ઉપરાંત દિલ્હીના ચાણક્યપૂરીમાં આવેલા સોનિયા ગાંધીના અંગત સચિવ વિન્સેન્ટ જ્યોર્જના મકાનનું ભાડું પણ પાંચ લાખ જેટલું બાકી છે. આ મકાનનું છેલ્લું ભાડું ૨૦૧૩માં અપાયું હતું.

કર્ણાટક ભાજપના ધારાસભ્યના નિવેદનથી હોબાળો

કર્ણાટક ભાજપના ધારાસભ્ય એમ. પી. રેણુકાચાર્યએ મહિલાઓના સંદર્ભમાં આપેલા નિવેદનથી હોબાળો મચ્યો છે. ભાજપના આ ધારાસભ્યએ કહ્યું હતું કે ઓછા કપડાં પહેરતી હોવાથી જ ઘણી મહિલાઓ ઉપર રેપ થાય છે. મહિલાઓ ટૂંકા કપડાં પહેરે છે તેનાથી પુરુષો ઉત્તેજિત થઈ જતા હોવાથી બળાત્કારની ઘટનાઓ વધી ગઈ છે એવું નિવેદન આપનારા ભાજપના ધારાસભ્યએ વિવાદ પછી માફી માગવી પડી હતી. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ મહિલાઓ ઈચ્છે તે પહેરી શકે એવું નિવેદન આપ્યું તેના જવાબમાં ભાજપના ધારાસભ્ય રેણુકાચાર્યએ આ નિવેદન કર્યું હતું.

નગરપાલિકામાં બળવાખોરો સામે ટીએમસીની લાલ આંખ

પશ્ચિમ બંગાળમાં નગરપાલિકાની ચૂંટણી થશે. એ પહેલાં તૃણમૂલ કોંગ્રેસના ઘણાં બળવાખોર ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા છે. હાઈકમાન્ડની સૂચના વગર ફોર્મ ભરનારા ઉમેદવારોને તૃણમૂલ કોંગ્રેસે શનિવાર સુધીનો સમય આપ્યો છે. જો ફોર્મ પાછા નહીં ખેંચાય તો આવા ઉમેદવારો સામે શિસ્તભંગના પગલાં ભરાશે. પશ્ચિમ બંગાળમાં નગરપાલિકાની ચૂંટણીમાં ટિકિટ ન મળતા ઘણાં નેતાઓ નારાજ થયા છે. એમાંથી ઘણાંએ પક્ષની સૂચના વગર જ સીધું ફોર્મ ભરી દેતા વિવાદ સર્જાયો છે.

- ઈન્દર સાહની

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ
સીએ (સીએએ) / ૫ (એએયએમ) ૨૦૨૨

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં
અને
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય સંબંધિત જોગવાઈઓની બાબતમાં
અને
ગંગાવરમ પોર્ટ લિમિટેડની બાબતમાં
અને
અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડની બાબતમાં
અને
અદાણી ગંગાવરમ પોર્ટ પ્રાઈવેટ લિમિટેડની બાબતમાં
અને
ગંગાવરમ પોર્ટ લિમિટેડ તથા અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ અને અદાણી ગંગાવરમ પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ તથા તેમના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની કોમ્પોઝીટ સ્કીમ ઓફ અરેન્જમેન્ટની બાબતમાં

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ, કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની અને હવે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ હેઠળ ડીમ્ડ નોંધણી ધરાવતી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત ખાતે આવેલી છે.

... અરજદાર કંપની

ઈક્વિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની મીટિંગ્સની નોટીસ તથા નોટીસની જાહેરખબર

આથી નોટીસ આપવામાં આવે છે કે, તારીખ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલની અમદાવાદ બેન્ચે (**"એનસીએલટી"**) એવો આદેશ આપ્યો છે કે, અરજદાર કંપનીના ઈકવિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની અલગ અલગ મીટિંગ્સ બોલાવવામાં આવે. એ મીટિંગ્સનો હેતુ ગંગાવરમ પોર્ટ લિમિટેડ અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ અને અદાણી ગંગાવરમ પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ અને તેમના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૨૩૦ -૨૩૨ અન્વયેની (જેનો ઉલ્લેખ હવે પછી અહીં **"એક્ટ"** તરીકે કરાયો છે) કોમ્પોઝીટ સ્કીમ ઓફ અરેન્જમેન્ટમાં (**"સ્કીમ"**) સમાવિષ્ટ વ્યવસ્થા વિષે વિચારણા કરવાનો, અને યોગ્ય લાગે તો, તેમાં સુધારા વધારા સાથે અથવા તે વિના તેને મંજૂરી આપવાનો છે.

આ આદેશ અન્વયે તેમજ તેમાં કરાયેલા નિર્દેશોને ભારત સરકારના કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રો નં. ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦; નં. ૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રીલ ૨૦૨૦; નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫ મે ૨૦૨૦; નં. ૨૨/૨૦૨૦ તારીખ ૧૫ જુન ૨૦૨૦; નં. ૩૩/૨૦૨૦ તારીખ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦; નં. ૩૯/૨૦૨૦ તારીખ ૩૧ ડીસેમ્બર ૨૦૨૦; નં. ૧૦/૨૦૨૧ તારીખ ૨૩ જુન, ૨૦૨૧ અને ૨૦/૨૦૨૧ તારીખ ૮ ડીસેમ્બર ૨૦૨૧ (તે બધાનો સંયુક્ત રીતે ઉલ્લેખ **"એમસીએના પરિપત્રો"** તરીકે કરાયો છે) અને વધુમાં એવી નોટીસ પણ આપવામાં આવે છે કે, અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની અલગ અલગ મીટિંગ્સ નીચે દર્શાવ્યા મુજબની વિગતો અનુસાર વિડિયો કોન્ફરન્સિંગ ("વીસી") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("ઓએવીએમ") થકી, એક જ સ્થળે તેમની રૂબરૂ ઉપસ્થિતિ વિના જ યોજાશે.

ક્ર. નં.	મીટિંગ્સનો વર્ગ	મીટિંગ્સની તારીખ	સમય	મીટિંગ્સનું સ્થળ
૧.	ઈક્વિટી શેરહોલ્ડર્સ	સોમવાર, ૧૪ માર્ચ, ૨૦૨૨	સવારે ૧૧.૦૦	વીસી / ઓએવીએમના માધ્યમથી
૨.	સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત)		બપોરે ૧૨.૦૦	
૩.	અનસીક્યોર્ડ લેણદારો		બપોરે ૧.૦૦	

તારીખ ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૨ની આ નોટીસની નકલો, સ્કીમ તેમજ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦(૩), ૨૩૨(૧) અને (૨) તથા ૧૦૨ને ક